SGCCI

# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તા : ૧૩/૮/૨૦૨૧

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# સુરત એરપોર્ટ ખાતે આરટીપીસીઆર રિપોર્ટ સંદર્ભે મુસાફરોને પડતી મુશ્કેલીનો મ્યુનિસિપલ કમિશનરના સકારાત્મક વલણને પગલે ચેમ્બર દ્વારા કલાકોમાં જ ઉકેલ લાવવામાં આવ્યો

**ચેમ્બરમાં ઇન્ડીગો, સ્પાઇસ જેટ, એર ઇન્ડિયા અને સ્ટાર એરના સ્ટેશન મેનેજર્સ સાથે મિટીંગ મળી હતી, પ્રશ્નના ઉકેલ માટે ચેમ્બરે તુરંત જ મ્યુનિસિપલ કમિશનર બંછાનિધી પાનીને રજૂઆત કરી**

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી ખાતે ગુરૂવાર, તા. ૧૨ ઓગષ્ટ ૨૦૨૧ના રોજ સાંજે ૪:૦૦ કલાકે સુરત એરપોર્ટથી ફલાઇટ ઓપરેટ કરતી એરલાઇન્સના સ્ટેશન મેનેજર્સ સાથે મિટીગ મળી હતી. જેમાં ઇન્ડીગોમાંથી મોહંમદ અનીસુર, સ્પાઇસ જેટમાંથી રેશમા સોહોની, એર ઇન્ડિયામાંથી આર. વેંકટરામન અને મુકેશ તથા સ્ટાર એરમાંથી હુજેફા ઉપસ્થિત રહયા હતા. મિટીગમાં સુરત એરપોર્ટથી વધારે ફલાઇટ ઓપરેટ કરવા અંગે તેમજ ફલાઇટ ઓપરેશન દરમ્યાન એર લાઇન્સો અને મુસાફરોને પડતી નાની – મોટી મુશ્કેલી સંદર્ભે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

ચેમ્બરના પ્રમુખ આશિષ ગુજરાતીએ મિટીગમાં ચારેય એરલાઇન્સના સ્ટેશન મેનેજર્સને આવકાર્યા હતા અને સુરતના ઔદ્યોગિક વિકાસ અંગે વિસ્તૃત માહિતી આપી હતી. સુરત એરપોર્ટના ડેવલપમેન્ટ માટે તેમજ ફલાઇટ ઓપરેશનમાં પડતી મુશ્કેલીને દૂર કરવા માટે ચેમ્બર દ્વારા પ્રયાસ કરવામાં આવશે તેમ જણાવ્યું હતું.

એર લાઇન્સના સ્ટેશન મેનેજરોએ જણાવ્યું હતું કે, ગુજરાત રાજ્યના મોટા ભાગના એરપોર્ટ ઉપર વેકસીનેશન મુકાવનાર મુસાફરો પાસેથી આરટીપીસીઆર રિપોર્ટ માંગવામાં આવતા નથી. જ્યારે સુરત એરપોર્ટ ખાતે મુસાફરો પાસેથી સુરત મહાનગરપાલિકાની ટીમ દ્વારા આરટીપીસીઆર રિપોર્ટ માંગવામાં આવે છે. જેને

કારણે મુસાફરોને પરેશાની થાય છે. આથી જે મુસાફરોએ કોરોનાની વેકસીન લીધી હોય તેઓને આરટીપીસીઆર રિપોર્ટમાંથી મુકિત આપવામાં આવે તે અંગે ચેમ્બરને મધ્યસ્થી કરી સમસ્યાનું નિવારણ લાવવા માટે અનુરોધ કર્યો હતો.

સુરત એરપોર્ટ ખાતે પ્લેનના એક જ દરવાજેથી મુસાફરોને ઉતારવામાં આવે છે અને સાફસફાઇ બાદ એ જ દરવાજેથી મુસાફરોને પ્લેનમાં પ્રવેશ પણ આપવામાં આવે છે. આ બધી કામગીરી અડધા કલાકમાં કરવાની હોવાથી એર લાઇન્સ માટે અગવડતા ઉભી થાય છે અને સમયનો પણ વ્યય થાય છે. આથી જરૂરિયાત પ્રમાણે જ્યારે પ્લેનમાંથી વધારે મુસાફરો ઉતરતા હોય અને વધારે મુસાફરો ચડવાના હોય ત્યારે બંને દરવાજાનો ઉપયોગ કરવા દેવામાં આવે તે અંગે મંજૂરી અપાવવા માટે ચેમ્બરને મધ્યસ્થી કરી આ સમસ્યાનું નિવારણ લાવવા માટે અનુરોધ કરાયો હતો.

ઉપરોકત બંને સમસ્યાઓના નિરાકરણ માટે ચેમ્બરના પ્રમુખ આશિષ ગુજરાતીએ એર લાઇન્સના સ્ટેશન મેનેજર્સને હૈયાધરપત આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, વેકસીનેશન મુકાવનાર મુસાફરોને આરટીપીસીઆર રિપોર્ટમાંથી મુકિત અપાવવા માટે સુરત મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનરને રજૂઆત કરીશું.

આ ઉપરાંત સ્પાઇસ જેટ દ્વારા સુરતથી ભાવનગર ફલાઇટ ચાલુ કરવામાં આવનાર છે તે બાબતને પણ ચેમ્બરે આવકારી હતી.

આ મિટીંગમાં ચેમ્બરના ઉપપ્રમુખ હિમાંશુ બોડાવાલા, મેનેજિંગ કમિટીના સભ્ય અમિષ શાહ તથા ચેમ્બરના સભ્યો મનોજ સિંગાપુરી અને અતુલ ગુપ્તા ઉપસ્થિત રહયા હતા. મિટીંગના અંતે ચેમ્બરના માનદ્ મંત્રી દીપક કુમાર શેઠવાલાએ સર્વેનો આભાર માની મિટીંગનું સમાપન કર્યું હતું.

મિટીંગ પૂર્ણ થયા બાદ ચેમ્બર દ્વારા તુરંત જ સુરતના મ્યુનિસિપલ કમિશનર બંછાનિધી પાનીનો સંપર્ક સાધવામાં આવ્યો હતો અને તેમને રૂબરૂ મળીને સુરત એરપોર્ટ ખાતે એર લાઇન્સોને પડી રહેલી મુશ્કેલી સંદર્ભે રજૂઆત કરાઇ હતી. સુરત મહાનગરપાલિકા દ્વારા બનાવવામાં આવેલી એસ.ઓ.પી. મુજબ સુરત એરપોર્ટ ખાતે મુસાફરો પાસેથી ૭૨ કલાકની અંદરનો આરટીપીસીઆર રિપોર્ટની તપાસ કરવામાં આવતી હતી. આથી ચેમ્બરે મ્યુનિસિપલ કમિશનર બંછાનિધી પાનીને રજૂઆત કરી હતી કે, વેકસીનેશન મુકાવનાર મુસાફરોને આરટીપીસીઆર રિપોર્ટમાંથી મુકિત આપવામાં આવે. એક વેકસીન લેનાર મુસાફરને પણ આરટીપીસીઆર રિપોર્ટમાંથી મુકિત આપવામાં આવે તેવો અનુરોધ ચેમ્બર દ્વારા કરવામાં આવ્યો હતો.

ચેમ્બરની રજૂઆતને પગલે મ્યુનિસિપલ કમિશનર દ્વારા સુરત એરપોર્ટ ખાતે ઉતરતા એવા મુસાફરો કે જેઓએ કોરોનાની વેકસીન મુકાવી હશે તેઓને આરટીપીસીઆર રિપોર્ટમાંથી મુકિત આપવામાં આવશે તેમ જણાવી પ્રશ્નનું નિરાકરણ લાવવામાં આવ્યું હતું. જો કે, વેકસીનેશન મુકાવનાર મુસાફરે કોરોનાની વેકસીન લીધી હોવાનું સર્ટિફિકેટ મહાનગર પાલિકાની ટીમને બતાવવાનું રહેશે. આમ સ્થળ પર જ પ્રશ્નનો ઉકેલ લાવનારા મ્યુનિસિપલ કમિશનર બંછાનિધી પાનીનો ચેમ્બર દ્વારા આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.